# સુઘડ અને ચીવટભર્યું સંપાદન | રમેશ એમ. ત્રિવેદી

[**'વૃંદાવન મોરલી વાગે છે'** : સંપા. ભોળાભાઈ પટેલ અને અનિલા દલાલ, પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૭, પૃ. ૪૨+૨૭૮, કિં. રૂ. ૧૬૦/-]

છેલ્લા દોઢેક દાયકામાં વિવિધ દૃષ્ટિકોણથી ગુજરાતી સાહિત્યમાં કવિતાના ચયનગ્રંથો, અભ્યાસી સંપાદકો દ્વારા પ્રકાશિત થતા રહ્યા છે. ગુજરાતી સાહિત્ય પરિષદે એની શતાબ્દી ગ્રંથશ્રેણીની પ્રકાશન-યોજના અન્વયે તાજેતરમાં 'મધ્યકાલીન ભારતીય કૃષ્ણભક્તિની કવિતાનો પ્રકાશિત કરેલો સંચય 'વૃંદાવન મોરલી વાગે છે' વિષય અને સંપાદનકર્મની દૃષ્ટિએ ખાસ ધ્યાન ખેંચે છે. ગુજરાતી સમેત અન્ય કેટલીક ભારતીય ભાષાઓમાં મધ્યકાળમાં રચાયેલી કૃષ્ણભક્તિની કાવ્યરચનાઓની અહીં થયેલી પસંદગી પર એક નજર નાખતાં ભારતીય ભાષાઓમાં કૃષ્ણભક્તિનું સાહિત્ય કેવુંક તો સમૃદ્ધ છે એની પ્રતીતિ થાય છે. કવિતાના ભાવકો માટે એ રોમહર્ષક અને સંતર્પક અનુભવ પૂરો પાડે છે, જ્યારે ચયનકર્તા અભ્યાસી સંપાદકો માટે એ આનંદજનક પડકાર રહ્યો હશે એમ લાગે છે. અલબત્ત, એ માટે સંપાદકોએ પૂરતું 'હોમવર્ક' કર્યું છે એ દેખાઈ આવે છે. એનાથી કૃષ્ણભક્તિની કવિતાના ભાવકો તથા સાહિત્યરસિકોને તો લાભ જ થયો છે.

પ્રસ્તુત ગ્રંથનાં ત્રણસો જેટલાં પૃષ્ઠોમાં સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, બંગાળી, અસમિયા, ઓડિયા, મરાઠી, તમિળ અને કન્નડા ભાષાઓના સાહિત્યમાંથી મધ્યકાલીન કૃષ્ણભક્તિની ૩૨૧ જેટલી રચનાઓનું ચયન કર્યું છે. ગુજરાતીભાષી ભાવકો માટે બંગાળી વગેરે અન્ય ભારતીય ભાષાની કવિતા ગુજરાતી લિપ્યન્તર અને અનુવાદ સાથે આપવામાં આવી છે. કૃષ્ણભક્તિની કવિતાનો આ રસથાળ સંપાદકોએ પદ, ભજન કે ગાન સ્વરૂપમાં શિષ્ટસાહિત્ય તેમજ લોકસાહિત્યમાંથી ચયન કરીને રજૂ કર્યો છે, તેથી એની ગુણવત્તા જળવાઈ છે. વેણુગીત, ગોપિકા ગીત વગેરે સંસ્કૃત રચનાઓ સાથે મુકાયેલા રસાળ ગુજરાતી અનુવાદો માટેની પસંદગી ઉપરાંત ખાસ તો દક્ષિણ ભારતની ભાષાઓની કૃષ્ણવિષયક કવિતાની પસંદગી તેમજ એના યોગ્ય અનુવાદકાર્ય માટે તે તે ભાષાના વિદ્વાનોની લીધેલી સહાય લેખે લાગી છે.

ભારતીય સાહિત્યના ઇતિહાસમાં ભક્તિપરંપરાનો મોટો મહિમા છે. ઉમાશંકર જોશી ભક્તિઆંદોલનની વાત કરતાં કહે છે, ''ભક્તિમાર્ગના પ્રભાવ નીચે દેશની વિવિધ ભાષાઓમાં જે ભક્તિસાહિત્ય પ્રગટ્યું, તેમાં કંઠ ભલે વિવિધ રહ્યા, ભાષાઓ ભલે વિવિધ રહી, બધાંની પાછળની પ્રેરણા અને પરિણામે બધાંનો સૂર એક જ છે. સમગ્ર મધ્યકાળમાં એક જ સંસ્કૃતિ આત્મા પૂર્વમાં જયદેવ, ચંડીદાસ, વિદ્યાપતિ; ઉત્તરમાં કબીર, સુરદાસ, તુલસીદાસ; પશ્ચિમમાં નરસિંહ, મીરાં, અખો અને દક્ષિણમાં જ્ઞાનેશ્વર, નામદેવ, તુકારામ એમ અનેક કંઠે ગાઈ રહ્યો છે.'' પ્રસ્તુત અવતરણ સંપાદકોએ સંચયમાં લઈને પૂર્વાંચલ, પશ્ચિમાંચલ, ઉત્તરાંચલ અને દક્ષિણાંચલ એમ ભારતના સમગ્ર ભૂભાગમાં પ્રવર્તેલું ભક્તિનું આંદોલન ભારતીય એકતા અને અસ્મિતાનું જાણે પ્રતીક બની ગયું હતું તે સમજાવવા પ્રયત્ન કર્યો છે.

સંપાદકોએ ઉચિત રીતે જ મધ્યકાળની ગુજરાતી કૃષ્ણભક્તિની રચનાઓ વધુ સંખ્યામાં આપી છે. નરસિંહ મહેતાની ભક્તિકવિતામાં જે પ્રેમલક્ષણાભક્તિનો લલકાર અનુભવવા મળે છે તે, પછીનાં ચારસો વર્ષ દરમિયાન મીરાં-દયારામ જેવા મુખ્ય કવિઓ અને ભાલણ, રત્નો, મોરાર, બ્રહ્માનંદ વગેરે ગૌણ કવિઓની રચનાઓમાં સતત પ્રવહમાન રહેલો છે. વળી લોકગીતોમાં, ધોળ વગેરે ટૂંકી કાવ્યરચનાઓમાં કૃષ્ણભક્તિ પૂરા ઉમંગ અને ઉલ્લાસથી ગવાઈ છે. હિન્દી અને ગુજરાતીમાં રચાયેલાં મીરાંબાઈનાં કૃષ્ણકાવ્યોથી તો ગુજરાતને બેવડો લાભ થયો છે. કૃષ્ણભક્તિનું ગાન કરનારા વિવિધભાષી કેટલાબધા ભારતીય કવિઓ અહીં સ્થાન પામ્યા છે ! ભક્તિઆંદોલનના જુવાળમાં આગળ તરી આવતાં એ અખિલ ભારતીય નામોમાં નરસિંહ મહેતા ઉપરાંત તુકારામ, સુરદાસ, વિદ્યાપતિ, ચંડીદાસ આણ્ડાલ (ગોદા), પુરંદરદાસ વગેરે સતત સ્મરણમાં આવે. જયદેવની ગાઢ અસર જેમના પર રહી છે તેવા ગુજરાતી ભક્તકવિ નરસિંહની પ્રેમલક્ષણા મધુરાભક્તિવાળી ગુજરાતી કવિતા ગૌરવ અપાવે તેવી રહી છે. તેઓ કૃષ્ણભક્તિના અનન્ય ગાયક છે.

વિષ્ણુનો અવતાર ગણાયેલા શ્રીકૃષ્ણનું ચરિત્ર બહુઆયામી છે. છેક ભાગવતથી લઈ મહાભારત સુધીમાં શ્રીકૃષ્ણ વિવિધ સ્વરૂપમાં લોકાદર પામતા રહ્યા છે. તેમાંયે જેમની આસપાસ શુદ્ધ પ્રેમોપાસનાની – મધુરાભક્તિની કવિતા રચાતી રહી છે તેમાં સ્થળ-કાળ-ભાષાભેદે પણ એક જ કૃષ્ણસ્વરૂપ ઉપાસ્ય રહ્યું છે અને તે છે બાલ-કૃષ્ણનું. વૃંદાવન આદિ લીલાભૂમિમાં વિહાર કરનારા, ગોપીસદૃશ ભક્તજનોનાં ચિત્તને આકર્ષી રહેલા એ નંદકિશોર, ગોપીજનવલ્લભ વગેરે અનેક નામે સંબોધન પામીને આરાધ્ય દેવતા રહ્યા છે તે કૃષ્ણ મોરલીના કામણથી ભક્તોનાં હૈયાંને ડોલાવનારા કનૈયા કે મોહન કે માધવની છબી વધુ સ્વીકૃતિ પામેલી છે. ભક્તના આત્મનિવેદનરૂપે અને કૃષ્ણના અનુનયરૂપે જે ગાન ચાલ્યું છે તેણે પ્રજાજીવનમાં ચેતનનો અનુભવ કરાવ્યો છે. એક બીજી વાત એ કે રાધાકૃષ્ણ કે રાધા-માધવ તરીકે જે પૂજનીય યુગલને ભક્તો આદર આપે છે અને આરાધે છે તેમાં રાધાની ઉપાસના બારમી સદીમાં રચાયેલા કવિ જયદેવના 'ગીતગોવિંદ'થી જનમાનસમાં પ્રવર્તમાન છે. કૃષ્ણના આ સ્વરૂપની ઉપાસના કરનારા ભક્તો સમાજના કેવળ ઉપલા વર્ગમાંથી આવતા હતા એવું નહોતું, બલકે સાદુંસીધું જીવનયાપન કરનારા અને ઈશ્વરીશક્તિને શ્રદ્ધાપૂર્વક અપનાવનારા ભલે અશિક્ષિત અને સામાજિક દૃષ્ટિએ શૂદ્રાદિ વર્ણ-જાતિમાંથી આવેલા પરંતુ અનુભૂત લાગણીને કાવ્યમાં અભિવ્યક્ત કરનારા હતા, એ નોંધનીય છે. ભારતના બધા પ્રદેશોમાં એવું જોવા મળે છે.

સંપાદનકાર્ય પણ એક કળા છે. અધિકારીજનોના હાથે થતું સંપાદનકાર્ય વિષયને અને તેની પાછળ રહેલા દૃષ્ટિબિંદુને ન્યાય આપી શકે છે અને એમ થતાં ગ્રંથને ગરિમા પ્રાપ્ત થાય છે. પ્રસ્તુત સંચયગ્રંથના સંપાદકો ગુજરાતી ઉપરાંત હિન્દી, બંગાળી વગેરે ભારતીય ભાષાના વિદ્વાનો છે. તદુપરાંત ભારતની અન્ય ભગિનીભાષાઓમાં કામ કરવા જેટલી તેમની ગતિ રહી છે. તેઓ ઉત્તમ અનુવાદકો પણ છે. તુલનાત્મક વિષયચર્ચા માટેની પૂરતી સજ્જતા ધરાવે છે. આ અગાઉ તેમને હાથે કેટલાંક ગરિમાપૂર્ણ સંપાદનો પ્રાપ્ત થયેલાં છે, તે પણ અત્રે સ્મરણમાં આવે છે. સંપાદનકાર્યમાં એક બાબત ખાસ ધ્યાન ખેંચે છે. દરેક ભારતીય ભાષાની કવિતાના શરૂ થતા વિભાગ પૂર્વે સંબંધિત ભાષામાં થયેલું કૃષ્ણભક્તિની કવિતાનું કાર્ય અને તે કવિતાની લાક્ષણિકતા કે એ ચર્ચા કરતાં કરતાં આપવામાં આવતો સંક્ષિપ્ત કવિપરિચય ગ્રંથમાંથી પસાર થનારને જરૂરી ઉપયોગી માહિતી પૂરી પાડે છે. ગ્રંથમાંનાં ચિત્રાંકનો માટેની પસંદગી પણ ઉત્તમ રહી છે અને તે માટે સંપાદકોની 'એસ્થેટિક દૃષ્ટિ'ને અભિનંદન આપવાં જોઈએ. વૃંદાવનમાં એક વાર વાગેલી મોરલીના સૂર સદીઓથી સમગ્ર ભારતવર્ષમાં લહેરાયા છે અને આવનારી

અનેક સદીઓ સુધી એની અસર સહૃદયોને અનુભવવા મળતી રહેશે એની ખાતરી છે. આવું સુઘડ સંપાદન કરી આપવા બદલ પુનઃ એક વાર સંપાદકોને તેમજ એટલી જ ચીવટપૂર્વક એનું પ્રકાશનકાર્ય પાર પાડવા બદલ ગુજરાતી સાહિત્ય પરિષદને અભિનંદન.